(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**ફો.કેસ નં. :–૧૦૩૦/૨૦૧૯**
**આંક:– ૬૭**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– દિપેન | પિતા/પતિનું નામ:– જગદીશભાઈ ઠકકર |
| | ઉ.વ.:– ૩૬ |
| ધંધો:– નોકરી | સરનામુ:– રાણેકપર રોડ, રામલીલા સોસા., હળવદ જી.મોરબી |

**સોગંદ આપ્યા.....**

**બચાવપક્ષે દિપેન જગદીશભાઈ ઠકકરની સરતપાસ વિ. વ.શ્રી વાય.એન.મહેતા**

**(૧)** મે આદર્શ બેન્કમાથી સને ૨૦૧૫ના વર્ષમા રૂપીયા ચાલીસ લાખ તથા રૂપીયા ત્રીસ લાખની લોન મારી મીલકત તથા મશીનરી પર લોન લીધેલી. તેમા મે પાંત્રીસ હપ્તા રેગ્યુલર ભરેલા. તે લોન મે મારા કારખાના પર લીધેલી. તેમા મે બેન્કને સાંઈઠ ચેક હપ્તા કપાય તે પેટે આપેલા. પરંતુ એકપણ હપ્તો ચેકથી કપાયેલ નથી. મે બેન્કમા લેખીત આપેલ કે મારા હપ્તા ચેકથી કપાતા નથી તો મારા ચેક મને પાછા આપવા. તે ચેકો બેન્કે મને પાછા આપેલ નથી. મારે કારખાનામા નુકસાની જતા કારખાનુ સને ૨૦૧૮ના વર્ષમા બંધ થઈ ગયેલુ. ત્યારબાદ મારે લોન ભરવાની બાકી રહી ગયેલી અને તેથી બેન્કે સરફેશી એકટ હેઠળ કાર્યવાહી કરી મારુ કારખાનુ તેમજ મકાન તથા મશીનરી બેન્કે કબજે લઈ લીધેલી. ત્યાબાદ હું અવારનવાર બેન્ક સાથે સમાધાન કરવા ગયેલો જેમા ત્રણ વાર મૌખીક સમાધાન થયેલ અને બેન્કે તેમા કોઈ જવાબ આપેલ નહી. ત્યારબાદ છોત્તેર લાખ એકાવન હજારમા ડીસ્ટ્રીકટ કોર્ટ, મોરબી ખાતે સમાધાન થયેલુ તેમા દસ લાખ રૂપીયા મે બેન્કમા જમા કરાવેલા અને છાસઠ લાખ એકાવન હજાર રૂપીયા હું બેન્કમા ભરવા ગયો ત્યારે બેન્કે તે પૈસા સ્વીકારેલ નહી અને જે સમાધાન થયુ તેમા મારી ઉપર ચેક પરત ફરેલાના બેન્કે કરેલા કેસો પાછા ખેચવાના હતા તે મોરબી કોર્ટમા પાંચ કેસો પાછા ખેચેલ છે અને હળવદ કોર્ટમા ચાલતા કેસો પાછા ખેચેલ નથી. જે દસ લાખ રૂપીયા મે બેન્કમા જમા કરાવેલ તેની પહોંચ મે નીશાની ૬૪/૩ થી રજુ રાખેલ છે જેની અસલ પહોંચ કોર્ટ રૂબરૂ બતાવી ઝેરોક્ષ નકલ આ કામે રજુ કરેલ છે તે રજુ દાખલ **આંક–૬૮**. તેમજ સમાધાન થયેલ તે નોટરીના લખાણની ઝેરોક્ષ નકલ રજુ દાખલ **આંક–૬૯.** મે બેન્કમા છાસઠ લાખ એકાવન હજાર રૂપીયા સ્વીકારવા માટે અરજી આપેલ તે બેન્કે કોપી રીસીવ કરીને આપેલી તેની ઝેરોક્ષ નકલ નીશાની ૬૪/૪ થી રજુ રાખેલ છે તે રજુ દાખલ **આંક–૭૦.** મે નામ. સેશન્સ કોર્ટમાંથી બેન્કે પરત ખેચેલ કેસોના હુકમો આ કામે નીશાની ૬૪/૫ થી રજુ રાખેલ છે જે કેસ નં.૪૨/૧૯, ૪૧/૨૨, ૪૨/૨૨, ૪૩/૨૨, ૪૪/૨૨ ની ઝેરોક્ષ નકલ આ કામે રજુ કરેલ છે જે રજુ દાખલ **આંક–૭૧.** આંક–૫૨ થી રજુ રાખેલ સમાધાન લેખમા ફો.કે. નં.૧૩/૨૦, ફો.કે. નં.૧૫૦/૨૦ અને ફો.કે. નં.૧૦૩૦/૨૦૧૯ પણ લખેલ હોવા છતા આ કેસો પરત ખેચેલ નથી. તેમજ આ દસ લાખ રૂપીયાની રકમ કે મે જે આંક–૫૧થી ભરેલ છે તે બેન્ક મને પરત પણ આપતી નથી કે આ પેન્ડીંગ કેસોમા જમા પણ લેતી નથી અને બેન્ક સમાધાન મુજબની રકમ પણ સ્વીકારતી નથી. તેમજ હું રકમ જમા કરાવવા તૈયાર હોવા છતા અને સમાધાન થયેલ હોવા છતા પણ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

બેન્ક સમાધાન મુજબ વર્તી નાણા નો પણ સ્વીકાર કરતી નથી અને મને હેરાન પરેશાન કરે છે.

**ફરીયાદપક્ષે દિપેન જગદીશભાઈ ઠકકરની ઉલટતપાસ વિ. વ.શ્રી જે.વી.જાની**

(૨) મે ટી.વાય.બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ છે. એ વાત ખરી છે કે હાલ હું દરીયાદેવ ઈન્ડ. ના પ્રોપરાઈટર તરીકે જુબાની આપવા માટે આવેલ છુ. મે દરીયાદેવ ઈન્ડ. પેઢી સને ૨૦૧૫ના વર્ષમા ખોલેલી. આ પેઢીનો તમામ વહીવટ હુ જાતે કરતો હતો. એ વાત ખરી છે કે મે બેન્ક પાસેથી ત્રીસ લાખની હપ્તાવાળી લોન તથા ચાલીસ લાખની સી.સી. લોન લીધેલી. એ વાત ખરી છે કે સને ૨૦૧૫મા બેન્ક સાથે મોર્ગેજ ડીડ થયેલુ જેનો નંબર ૨૦૦૯/૨૦૧૫ છે જે આંક–૩૫ થી રજુ રાખેલ છે. એ વાત ખરી છે કે બેન્ક અને મારી વચ્ચે લોન એગ્રીમેન્ટ માટે સેન્સન લેટર થયેલો જે આ કામે આંક–૩૪થી રજુ રાખેલ છે. એ વાત ખરી નથી કે દરીયાદેવ ઈન્ડ. નુ લોન ખાતુ હાલમા પણ બેન્કમા ચાલુ છે. આજ દિન સુધીમા લોન પેટે રૂા.૭૫૯૦૦/– નો એક માસીક હપ્તો તેવા ૩૪ હપ્તા ભરેલ છે. એ વાત ખરી નથી કે આંક–૫૨ ના નોટરી રૂબરૂના સમાધાન લખાણ મુજબ બેન્કની પુરી લેણી રકમ ભરપાઈ કર્યા બાદ જ બેન્ક નો ડયુ સર્ટીફીકેટ આપશે અને કેસો પરત ખેચશે અને ત્યારબાદ જ તમામ ચેકો પરત આપશે તેવુ લખાણ થયેલુ.

સવાલ:– આજ રોજ સુધી તમારી બેન્ક પાસે લેણી રકમ બાકી પડે છે અને તે તમે પુર્ણ કરેલ નથી?
જવાબ:– હુ સમાધાન મુજબ રકમ ભરવા તૈયાર છુ પરંતુ બેન્ક સમાધાનની રકમ સ્વીકારવા તૈયાર નથી.
એ વાત ખરી છે કે મે આંક–૫૧ થી રજુ રાખેલ દસ્તાવેજી પુરાવો કે જેમા રૂા. દસ લાખ બેન્કમા જમા કરાવેલ છે તેમા કોઈ ખાતા નંબર લખેલ નથી.
સવાલ:– તમે બેન્કમાંથી બે લોન લીધેલી હોવાથી આંક–૫૧ના લખાણ મુજબ કયા ખાતામા કેટલા રૂપીયા જમા કરાવવા તેની વિગત લખેલ નથી?
જવાબ:– ખોટી વાત, લખેલ છે.
એ વાત ખરી છે કે બેન્કમા મારા બે ખાતા હતા જેમા એક દરીયાદેવ ઈન્ડ. નુ ખાતુ હતુ અને બીજુ મારુ નામજોગ અંગત ખાતુ હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારુ અંગત ખાતુ તો બેન્કમા કે દિનુ બંધ થઈ ગયેલ છે. મે કરારના વિશિષ્ટ પાલનનો દાવો બેન્ક ઉપર કરેલો નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે રકમ જમા કરાવવા માટે બેન્કમા રૂબરૂ જવુ જરૂરી નથી પરંતુ ઓનલાઈન ટ્રાન્સફરથી, ચેકથી, આરટીજીએસથી, ગુગલ પેથી જમા કરાવી શકાય. એ વાત ખરી નથી કે બેન્કમા હું રકમ જમા કરાવવા ગયેલો ત્યારે છાસઠ લાખ રૂપીયા લઈને ગયેલો તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મે નામ. ડીસ્ટ્રીકટ કોર્ટમા થયેલ સમાધાન મુજબની રકમ બેન્કમા જમા કરાવતા બેન્કે નામ. ડીસ્ટ્રીકટ કોર્ટમા દાખલ કરેલ કેસો પરત ખેચેલ છે. એ વાત ખરી છે કે મે તા.૨૭/૦૨/૨૪નારોજ બેન્ક મારા પૈસા સ્વીકારતી નથી તેવો પત્રબેન્કને લખેલો. એ વાત ખરી નથી કે તા.૦૯/૦૩/૨૪નારોજ મે બેન્કમા પૈસા ભરતા બેન્કે તા.૦૯/૦૩/૨૪નારોજ કેસો પરત ખેચેલા. હું હળવદ ખાતે ચાલતા મારા ફો.કે. નં.૧૩/૨૦, ફો.કે. નં.૧૫૦/૨૦ અને ફો.કે. નં.૧૦૩૦/૨૦૧૯ના કેસોમા ચેકની રકમ જેટલી રકમ નામ.કોર્ટમા જમા કરાવવા ખુશી નથી. એ વાત ખરી છે કે મે બેન્કને સાંહીઠ ચેકો મારી રાજીખુશીથી સહી કરીને હપ્તા પેટે આપેલા. એ વાત ખરી છે કે મે બેન્ક પાસે મારા ચેકો પરત માગવા માટે પત્ર લખેલ તે પત્ર આ કામે મે રજુ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હવે પછીની મુદતે હુ તે રજુ રાખવા ખુશી છુ. એ વાત ખરી નથી કે મે જાણી બુઝીને ખાતામા પૈસા ન રાખી ચેક બાઉન્સ કરાવેલા. એ વાત ખરી નથી

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.

કે હું સોગંદ ઉપર ખોટી હકીકતો જણાવી ખોટી જુબાની આપુ છુ.
**ફેરતપાસ નથી.**

**સ્થળઃ– હળવદ.**
**તારીખઃ– ૨૮/૧૧/૨૦૨૫.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*